# ધનસુરામાં મોસમનો ૩૭૪ મી.મી. વરસાદ

## વીજ કરંટ અને વીજળી પડવાથી બે પશુના મોત : ઠેર ઠેર વરસાદી પાણી ભરાતા ગંદકીનું સામ્રાજ્ય : ક્વોરી ઉદ્યોગ ઠપ

ધનસુરા, તા. ૪

અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં મેઘરાજાની મેઘમહેર થઈ રહી છે. સિઝનમાં મેઘરાજાએ વરસાદનો એક રાઉન્ડ પુરો કર્યો છે. મન મુકીને વરસાદ પડતા ચારે બાજુ આનંદ થવા પામ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાત અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થતા જનજીવન ઉપર ભારે અસર થવા પામી હતી. ધનસુરા તાલુકામાં મોસમનો ૩૭૪ મી.મી. વરસાદ થવા પામ્યો હતો. ઉપરાંત આસપાસના બાયડ, મોડાસા, મેઘરજ અને માલપુરમાં પણ વરસાદ નોંધાયો હતો.

અરવલ્લી જિલ્લામાં તમામ તાલુકામાં મોસમનો પ્રથમ રાઉન્ડે શ્રીકાર વર્ષા થઈ હતી. મેઘરાજાએ મનમુકીને વરસતા ઠેર-ઠેર પાણી ભરાતા જનજીવન પર ભારે અસર થવા પામી હતી. જિલ્લાના ધનસુરા તાલુકામાં સિઝનનો કુલ ૧૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ક્વોરી ઉદ્યોગમાં પણ પાણી ભરાઈ જવાથી ધંધા રોજગાર ઠપ થઈ ગયા છે. જેને લઈ વેપારીઓ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઉપરાંત વરસાદી સિઝનમાં ખાનપુરની મુવાડીમાં હેવી વીજલાઈનની ડીપી પાસેથી પસાર થતી પશુપાલકની ભેંસનું કરૂણ મોત થયું હતું. જ્યારે મેઘરજ તાલુકાના ધૂળકોટા ખાતે શનિવારે મેઘરાજાએ ફરી એન્ટ્રી કરતા વીજળી પડતા બળદનું પણ ખેતરમાં જ મોત થયું હતું. વરસાદના લીધે ધનસુરા મેઘરજ તાલુકામાં ભારે નુકશાન થવા પામ્યું છે. વરસાદી પાણી માર્ગોની આસપાસ, ખુલ્લા પ્લોટો, કાચા રસ્તા વગેરે સ્થળે ભરાતા કાદવકિચડ અને ગંદકી થતા મચ્છરો અને જીવજંતુઓ પણ ઉપદ્રવ વધવા લાગ્યો છે. પરિણામે સ્થાનિક રહિશો ભારે પરેશાન થઈ ઉઠ્યા છે. તંત્ર દ્વારા સત્વરે કાદવ-ગંદકી, વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# એક જ રાતમાં મોડાસામાં ૩ મકાનોના તાળા તુટ્યા

## મોડાસા ચોરોના હવાલે, તમામ બંધ મકાનોમાંચોરી પોલીસ તપાસ શરૂ કરી

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આજકાલ જાણે ચોરો છુટો દોર મળી ગયો હોય તેમ ગઈ મોડીરાતે મોડાસાના માલપુર રોડ ઉપર આવેલ ઓમનગર સોસાયટીમાં એક જસાથે ૩ મકાનોના તાળા તુટ્યા હતા. જેના કારણે આ વિસ્તારના લોકોમાં ચોરીથી ફફડાટ ફેલાયો છે. ગઈ મોડી રાતે ઓમનગર સોસાયટીના બંધ મકાનો ચોરી કરતી ગેંગ દ્વારા મકાનોમાં દરવાજા તોડીને ચોરી કરાઈ હતી અને મકાનમાં રહેલા માલસામાન તહેસ નહેસ કરી નાંખ્યો હતો. આ ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને ગુનો નોંધી ચોરને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

# મોડાસા જાયન્ટ્સ ગ્રુપ દ્વારા શ્રધ્ધા સાથે સેવાનો સમન્વય

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસામાં જાયન્ટસ ગ્રુપ દ્વારા વિવિધ સેવા પ્રવૃત્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થાય છે.



હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસ ભક્તિમય અને મહાદેવ ભોળા શંભુનાથનો તેમજ તહેવારોનો મહિનો ગણવામાં આવે છે. શ્રાવણ જેવા પવિત્ર માસમાં ભક્તો દ્વારા દરરોજ સવારે શિવભગવાનને રીઝવવા બિલીપત્રો અને દૂધનો અભિષેક કરવામાં આવે છે. આ વ્યક્તિ સાથે સાથે શ્રદ્ધાનો વિષય છે. આમ શિવભક્તો દ્વારા શિવલીંગ ઉપર કરવામાં આવતા દૂધના અભિષેકથી લાખ્ખો લિટર દૂધ વેડફાઈ જાય છે. દૂધ એ આરોગ્યની દૃષ્ટિએ સંપૂર્ણ ખોરાક માનવામાં આવે છે. શાકાહારી માણસો માટે તો દૂધ અમૃત સમાન છે. આના અનુસંધાનમાં મોડાસા જાયન્સ ગ્રુપ દ્વારા મોડાસાના અતિ પુરાણ અને શ્રધ્ધાના વિશ્વાસ સ્થાન એવા કાશિ વિશ્વનાથ મહાદેવના ભક્તોને સમજાવી એક જન જાગૃતિ અભિયાન હેઠળ પ્રસાદરૂપી દૂધ ચડાવી બાકી દૂધ એક જગ્યાએ એકઠુ કરી ગરીબ બાળકો, જરૂરિયાતમંદ વાળા દરદીઓ તેમજ બહેરામૂંગા શાળાના ભૂલકાઓને વહેંચવામાં આવ્યું હતું. અને આ અનોખી તેમજ જરૂરીયાત મંદ બાળકોને દૂધ પપહોંચાડવાનું ભગીરથ કાર્ય આરંભવામાં આવ્યું છે. જેમાં વહેલી સવારથી જ કાશિ વિશ્વનાથ મહાદેવ મંદિરમાં મોડાસા જાયન્ટસ પરિવાર ફેડરેશન થ્રી સી ના ઉપપ્રમુખ નિલેષ જોષી, પૂર્વપ્રમુખ નવનીત પરીખ, મંત્રી નિકેશ પરમાર, ઉપપ્રમુખ જગદીશ પટેલ, નગર પાલિકા પૂર્વ મેયર શૈલેષભાઈ, અંકિતભાઈ પટેલ, ઉપેન્દ્રભાઈ ત્રિવેદી વગેરે સભ્યોએ હાજર રહી બહેરા મુંગા શાળાના બાળકોને દૂધ પહોંચાડવામાં આવ્યું હતું. આવા અનોખા અને જરૂરીયાતમંદ પરિવારોને ઉપયોગી કાર્યની મોડાસા નગરની જનતાએ ખૂબ જ દિલથી બિરદાવ્યું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં હડકાયા ગધેડાનો આતંક : હડકાયા ગધેડાએ ચાર રહીશોને બચકા ભરતા ઈજા

પ્રાંતિજ શહેરમાં ગધેડાને હડકવા ઉપડતા ગધેડાએ ભારે આતંક મચાવ્યો છે શહેરમાં કયાંય પણ ગધેડા જોતા લોકોમાં રીતસરની ભાગદોડ મચી જવા પામે છે. પ્રાંતિજ શહેરમાં વણઝારા વાસમાં ગતરોજથી એક ગધેડાએ ભારે આતંક મચાવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. બે દિવસમાં વણઝારા વાસમાં ત્રણ રહીશોને અને સ્વામિનારાયણ સોસાયટી પાસે એક વૃધ્ધને મળી કુલ ચાર વ્યકિતઓને હડકાયા ગધેડાએ બચકા ભરતા ભારે ઈજાઓ પહોંચાડી હતી.

# વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલના સભ્ય તરીકે મંત્રી શંકરભાઈ ચૌધરીની વરણી

પાલનપુર, તા.૪

રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર અને શહેરી ગૃહ નિર્માણ (રા.ક.)ના મંત્રી શંકરભાઈ ચૌધરીની કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળની વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલના સભ્ય તરીકે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે નિમણુંક કરી છે.

૧૯૫૬માં ભારતના તત્કાલીન પ્રથમ વડાપ્રધાન દ્વારા ઝોનલ કાઉન્સીલોની રચના કરવામાં આવી હતી જેમાં ભાષા આધારીત રાજયોનું પુનર્ગઠન કરવાને કારણે ભાષાકીય વિદ્વેષ અને કડવાશ રાષ્ટ્રભાવના માટે ખતરારૂપ ન બને અને રાજયો વચ્ચે સંપૂર્ણ સહયોગથી કામ થાય ઉપરાંત કેન્દ્ર અને રાજયો વચ્ચેનું વાતાવરણ પણ સારુ બને અને સંતુલીત સામાજીક આર્થિક વિકાસ થાય તે માટે આવી ઉચ્ચ સ્તરીય સલાહકાર સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. રાજય પુનર્ગઠન અધિનિયમ ૧૯૫૬ના ભાગ-૩ અંતર્ગત દેશમાં પાંચ ઝોનલ કાઉન્સિલની રચના કરવામાં આવી છે. જેમાં વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલમાં ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર, દમણ-દીવ, દાદાનગર હવેલીનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય ગૃહમંત્રીના અધ્યક્ષપણા હેઠળની આ ઉચ્ચ સ્તરીય કાઉન્સિલમાં રાજયના મુખ્યમંત્રી ઉપાધ્યક્ષ હોય છે અને તેના સદસ્ય તરીકે મુખ્યમંત્રી દ્વારા નિયુકત રાજયના બે મંત્રીશ્રીઓ હોય છે. જેમાં ગુજરાતમાંથી મંત્રી સૌરભભાઈ પટેલ અને શ્રી શંકરભાઈ ચૌધરીનો સમાવેશ થયો છે. રાજયના મુખ્ય સચિવ સલાહકાર સભ્ય તરીકે હોય છે.

ઝોનલ કાઉન્સિલની ભૂમિકામાં મુખ્યત્વે કેન્દ્ર અને રાજયો વચ્ચેની અસમાનતાઓ અંગે સ્વતંત્ર પણે વિચાર વિમર્શ કરીને તેનો નિશ્ચિત ઉકેલ લાવવો, આર્થિક રાજનૈતિક અને સાંસ્કૃતિક રીતે એકબીજા સાથે જોડાયેલા રાજયો માટે સહયોગાત્મક પ્રયત્નો, રાષ્ટ્રીય પરિપેક્ષમાં વિશિષ્ટ ક્ષેત્રીય બાબતો ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું, રાષ્ટ્રીય એકીકરણને સાકાર કરવું, પ્રાંતવાદ અને તીવ્ર રાજય સંચેતના જેવી પ્રવૃત્તિઓને રોકવી, કેન્દ્ર અને રાજયોના વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કરવું તેમજ રાજયોની વિકાસ યોજનાઓનું ઝડપી અમલીકરણ થાય તેવી હોય છે. સમિતિ તેના મુખ્ય ઉદ્દેશ્યો સાથે સીમા વિવાદ, આંતર રાજય પરિવહન અને રાજયોના પુનર્ગઠન સંબંધી બાબતો ઉપર કામ કરશે.

વાવ વિસ્તારના ધારાસભ્ય એવા રાજયના મંત્રી અને સહકારી અગ્રાણીશ્રી શંકરભાઈ ચૌધરીનો વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલમાં સમાવેશ થતાં ઉત્તર ગુજરાતના કાર્યકરોમાં હર્ષની લાગણી છવાઈ છે.

# પ્રાંતિજના એક ગામમાં પત્નિએ પતિને બેરહમીપૂર્વક માર મારી સંડાસમાં પૂર્યો

પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજ તાલુકાના એક ગામમાં પત્નિએ પતિને માર મારતા પતિ પોતાનું ઘર છોડી ભાગી ગયો છે. પતિના નશીબમાં જાણે પત્નિ સુખ ન હોય તે રીતે બીજી પત્નિએ પતિ ઉપર અત્યાચાર ગુજાર્યો છે. ડરનો માર્યો પતિ પોતાના ઘરે પણ જવાની ના પાડી રહ્યો છે.

જેમ જેમ સમય બદલાતો જાય છે તેમ તેમ માનવી પણ બદલાય છે. આપણા સમાજમાં પુરુષે પત્નિને માર માર્યો હોય તેવા અનેક કિસ્સા વાંચ્યા છે. ત્યારે પ્રાંતિજના એક ગામમાં રહેતા બુધાભાઈ વ્યવસાયે જુના પુસ્તકોને વેચી પોતાનું ગુજરાન ચલાવે છે. બુધાભાઈ ના લગ્ન વર્ષો પહેલા થયા હતા પરંતુ કોઈ કારણસર તેમની પહેલી પત્નિ તેમને છોડીને ચાલી ગઈ.

ત્યારબાદ બુધાભાઈએ બીજા લગ્ન કરતા જીવનમાં સુખ જેવો અહેસાસ થવા લાગ્યો હતો. પરંતુ બુધાભાઈના નશીબમાં પત્નિ સુખ ન હોય તેમ ઘરમાં પતિ પત્નિ વચ્ચે ઝગડા ચાલુ થયા. આ ઝગડામાં પત્નિએ બુધાભાઈને હાથ પગ બાંધી માર મારી સંડાસમાં પુરી દીધા. માંડ માંડ હેડંબા બનેલ પત્નિની ચુંગાલમાંથી છુટી બુધાભાઈએ પહેરેલા કપડે દોટ મૂકી અને ભાગી ગયા.


ઘરેથી પત્નિના મારના ડરથી ભાગી ગયેલ બુધાભાઈની શોધખોળ કરી. સગા સંબંધીઓએ ઘરે પરત લાવવા માટે મનાવ્યા પરંતુ બુધાભાઈને હજુ પણ ડર સતાવે છે કે આ પત્નિ તેમનું કાસળ કાઢી નાખશે. જેથી પોતાનું ઘર હોવા છતાં બુધાભાઈ ઘરે જવા તૈયાર નથી. ત્યારે આવી ઔરતોથી હવે સજાગ થવાનો સમય આવી ગયો હોય તેવું લાગે છે. (બુધાભાઈ નામ બદલેલ છે.)

# પાલનપુરમાં નજીવી બાબતે સાઈબર કાફે સંચાલક પર તલવાર વડે હૂમલો

પાલનપુર, તા. ૪

પાલનપુર શહેરમાં માલણ દરવાજા પાસે પોલીટેકનીક કોલેજ સામેની સાયબર કાફેના સંચાલક પર ગત રોજ સામાન્ય તકરાતમાં તલવાર વડે હૂમલો થતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર શહેરના માલણ દરવાજા બહાર ધનિયાણા ચોકડીથી અંબાજી માર્ગ પર પોલીટેકનીક કોલેજ આવેલી છે. જેની સામે આવેલ સાયબર કાફેના સંચાલક ધર્મરાજ ગઢવી સાથે તોફીક જબ્બર મેમણ અને અજ્જુ રિક્ષાવાળા સાથે સાયબર કાફેના કેસ કાઉન્ટરમાં હાથ નાખવા બાબતે બાલોચાલી થઈ હતી. મામલો વધુ બીચકતા બન્ને આરોપી તોફીક અને અજ્જુ રિક્ષાવાળાએ ધર્મરાજ ગઢવી પર અચાનક તલવાર વડે હુમલો કરી હાથ અને પગમાં ઈજાઓ પહોંચાડી હતી. આ સંદર્ભે પૂર્વ શહેર પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસાના રામેશ્વર કંપામાં મુર્તિના તોડફોડ મામલે પોલીસ તપાસ તેજ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રામેશ્વર કંપામાં કોઈ અસામાજીક તત્વો દ્વારા શ્રધ્ધાળુઓની લાગણીને ઠેસ પહોંચાડવા માટે પાર્વતીજીની મૂર્તિને તોડી નાખી હતી આ અંગે ગામને જાણ થતા લોકો દ્વારા આ કૃત્ય કરનાર સામે ફિટકાર વરસાવવામાં આવી રહ્યો છે. રામેશ્વર કંપામાં મૂર્તિને તોડફોડ કરનારાઓને શોધી કાઢવા અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા અલગ અલગ ૧૫ ટીમ બનાવાઈ છે અને આ ૧૫ ટીમો દ્વારા અત્યાર સુધી આ મંદિરની આસપાસ આવેલા ગામડાઓના ૨૦૦ કરતા પણ વધારે લોકોની પુછતાછ કરાઈ છે. પરંતુ હજુ સુધી પોલીસને કોઈ સફળતા મળી નથી જયારે પોલીસના જણાવ્યા પ્રમાણે આ મૂર્તિ તોડનાર કોઈ નશાખોર માણસ હોય તેવું પ્રાથમિક તપાસમાં જણાઈ આવે છે.



પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ તલોદની સંયુક્ત પ્રાંત કચેરી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તથા વારાહી શક્તિપીઠ દ્વારા શિવાલયોમાં તોડફોડ તથા મૂર્તિઓ ખંડિત થવાની ઘટના સંદર્ભે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને સત્વરે આવા તત્વોની ધરપકડ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં સુનીલદાસજી મહારાજ, ગીરીશભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, સતિષભાઈ પંડ્યા, વિજયભાઈ પટેલ, મનુભાઈ રામચંદાણી વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# મગરવાડા ગામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધર્મપત્ની વીર મહારાજના દર્શનાર્થે આવ્યા

પાલનપુર, તા.૪

વડાગામ તાલુકાના મગરવાડા ગામે વીર મહારાજના દર્શને આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પત્ની જશોદાબને પતિની સલામતી અને દિર્ઘાયુ માટે વીરદાદાને પ્રાર્થના કરી હતી અને વીરદાદાની ૫૧ પાંચમ ભરવાનો સંકલ્પ કર્યો હોવાનું પણ જણાવ્યું હતું.

વડનગર તાલુકાના યાત્રાધામ મગરવાડા ખાતે ગત શુક્રવારે જશોદાબેન મણિભદ્રવીર મહારાજના દર્શનાર્થે આવ્યા હતા. બ્રાહ્મણ વાડાથી ખાનગી વાહનમાં છાપી અને ત્યાંથી ભાડાની શટલ જીપમાં મગરવાડા દર્શને પહોંચ્યા હતા જયાં જશોદાબહેન મોદીએ સુખડીના પ્રસાદની થાળી અને શ્રીફળ વીર મહારાજને અર્પણ કર્યા હતા અને મગરવાડા મંદિરના ગાદિપતિ વિજયસોમજીના આશીર્વાદ મેળવ્યા હતા. જશોદાબહેને મિડીયાને જણાવ્યું હતું કે અહીંના રૂપાલ અને જોસણાની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ૧૯૮૦થી નિયમિત મગરવાડા વીર મહારાજના દર્શને આવતા હતા પરંતુ કુદરતી સંકેત થતા વીર મહારાજની પાંચમ ભરવાનું શરુ કર્યું હતું ત્યારે જ ઉમેદવારીપત્રમાં પત્ની તરીકેનો સ્વીકાર થયો હતો. વીરદાદાને નરેન્દ્ર મોદીની સલામતી અને દિર્ઘાયુ માટે પ્રાર્થના કરી છે અને ૫૧ પાંચમ ભરવાનો સંકલ્પ કર્યો હતો.

# જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાખી મેળાનું ઉદ્ઘાટન કરી મહિલા સ્વાવલંબન દિન ઉજવણી

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્ય સરકારે જાહેર કરેલ મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત આજે મહિલા સ્વાવલંબન દિનની ઉજવણી રાખી મેળાની શરૂઆત કરીને કરી હતી. રાજ્યના આરોગ્ય અને વાહન વ્યવહાર મંત્રી નિતીનભાઈ પટેલ તેમજ સાંસદ જયશ્રીબેન પટેલે રાખી મેલાનું ઉદ્ઘાટન કર્યુ હતું. મહેસાણા જિલ્લાના તોરણાવાળી માતાના ચોકમાં મહેસાણા નગરપાલિકા, મિશન મંગલમ્ અર્બન યોજના અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી રાખી મેલાનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ ૧૦ સખી મંડળોના સ્ટોલ દ્વારા રાખી સહિત વિવિધ વસ્તુઓનું વેચાણ સ્થળ પરથી કરવામાં આવે છે. ૩ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ દરમિયાન રાખેલ આ સ્ટોલમાં વિવિધ ગામના સખીમડંળોની બહેનો દ્વારા જાતે બનાવેલ રાખીનું વાજબી ભાવે વેચાણ કરવામાં આવનાર છે.

આ પ્રસંગે આરોગ્ય અને વાહન વ્યવહારમંત્રી નિતીન પટેલે જણાવ્યું હતું કે મહિલાઓએ પોતાની આવડથી વિવિધ પ્રકારની રાખડીઓ બનાવી તેનું વેચાણ કરી આર્થિક ઉપાર્જન મેળવી રહી છે. રાજ્યના મહિલા મુખ્યમંત્રીએ જાહેર કરેલ મહિલા સશક્તિરણના પખવાડીયાનો કાર્યક્રમ મહિલાઓ માટે રોજગારી, સ્વાવલંબન અને આત્મ સન્માનનો કાર્યક્રમ બન્યો છે. રાખડીનું વેચાણ મહેસાણાના મેઈન બજારમાં સ્ટોલ દ્વારા કરવાનું હોવાથી મહિલાઓ પણ આર્થિક રીતે સદ્ધર બનવાની છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં ૭,૭૦૦ જેટલા સખીમંડળોમાં દોઢ લાખ જેટલી બહેનો બચત કરી આર્થિક રીતે સદ્ધર થઈ છે. રાજ્ય સરકારની સહાય, બેન્ક લોન સહિત વિવિધ યોજનાઓ થકી મહિલાઓ ૫૫ કરોડ રૂપિયાનો વહીવટ કરતી થઈ છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ મહિલાઓ માટે બજેટમાં ખાસ આયોજન કરેલ છે તેવી જ રીતે મહિલા મુખ્યમંત્રીએ પણ રાજ્યના બજેટમાં અંગત રસ લઈ મહિલાલક્ષી જેન્ડર બજેટ રજુ કર્યું છે.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે રાખી મેળાનો કાર્યક્રમ બહને માટે ધર્મ, સંસ્કૃતિ, પરંપરા અને રોજગારીનો કાર્યક્રમ બન્યો છે. મહિલાઓ શિક્ષણ થકી આર્થિક રીતે પગભર બને તે માટે સરકારશ્રી સતત પ્રયત્ન કરી રહી છે. તેમ જણાવ્યું હતું. ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડના ચેરમેનશ્રી ભાવનાબેન દવેએ જણાવ્યું હતું કે મહિલાઓ સશક્ત અને આત્મસન્માન મેળવતી થાય તે માટે આ પ્રકારનું આયોજન મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કર્યું છે. અધિક્ષક જે. આર. મોથલીયા, નગરપાલિકા પ્રમુખ રોહિતભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦